ગાંધીનગર સમાચાર

આર ટી ઓ કચેરી દ્વારા વિના મુલ્યે હાઇ સિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા અભિયાન




## વડનગરા નાગર ઉઠમણું

માતુશ્રી **સુલક્ષણાબેન રવિંદ્રરાય મહેતા (ચક્ષુદાતા)**નું તા. ૭/૨/૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું ઉઠમણું - પ્રાર્થના સભા તા. ૯/૨/૨૦૧૬, મંગળવારના રોજ સાંજે ૫-૦૦ થી ૬-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સમર્થેશ્વર મહાદેવ હોલ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯**

**અર્ચના ગૌરવ ઓઝા** — **પ્રવણ અને હર્ષના મહેતા**
**વૈભવી અંતરિક્ષ ઓઝા** — **પ્રતિક અને હિના મહેતા**
**હિમાદ્રી શમીક દેસાઈ** — **સૌજન્ય અને રૂપા મહેતા**
**કલ્યાણી હિમાંશુ મહેતા**
**પૌત્રો, પૌત્રિઓ, દોહિત્રો, દોહિત્રીઓ, પ્રપૌત્રો, પ્રપૌત્રિઓ અને વિશાળ પરિવારજનો**


# જિલ્લાના બે આરોગ્ય કેન્દ્રો સેન્ટર ઓફ એક્સલન્સ બનાવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ કરવાના ભાગરૂપે બે આરોગ્ય કેન્દ્રો સેન્ટર ઓફ એક્સલન્સ આગામી દિવસોમાં બનાવવામાં આવશે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ અંગેની દરખાસ્ત રાજ્યના આરોગ્ય કમિશ્નરને ટુંકમાં મોકલવામાં આવશે.

આ આરોગ્ય કેન્દ્રોમાં ઓર્થોપેડીક સર્જન, એનેસ્થેસીયા, ગાયનેક નિષ્ણાત તેમજ બ્લડબેંકની ખાસ સુવિધા ઉભી કરવા ઉપરાંત પથારીઓમાં પણ ૧૦-૧૦ પથારીની સુવિધાઓ ઉમેરવામાં આવશે.

સંસ્થાકીય પ્રસુતિઓની સંખ્યામાં વધારો થાય, અકસ્માતના બનાવમાં માનવજીવનને બચાવવાના સંપૂર્ણ પ્રયાસો કરવાના ભાગરૂપે આ સેન્ટર ઓફ એક્સલન્સ કેન્દ્રો બનાવવામાં આવશે. આ કેન્દ્રોમાં અન્ય નિષ્ણાંત તબીબોની સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવનાર હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

દહેગામ અને માણસા તાલુકામાંથી આરોગ્ય કેન્દ્રોની પસંદગી કરવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે. જેથી આ બન્ને તાલુકાઓમાં નિષ્ણાંત તબીબોની સેવાઓ ઉપલબ્ધ થી શકે.



વેલેન્ટાઈન-ડે કાઉન્ટ ડાઉન - વિશ્વભરમાં પ્રેમનું પર્વ એટલે કે વેલેન્ટાઈન-ડેની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલે છે... ગીફ્ટ, કાર્ડ અને ગુલાબ આપવાની પરંપરા વૈશ્વિક સ્તર પર ઉજવાય છે... ગાંધીનગરના માર્ગો પર પણ વેલેન્ટાઈન-ડે માટે ગીફ્ટ ગોઠવાઈ ગઈ છે... **(તસવીર : દિપક જાની)**


## ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)

(ગુજરાત સરકારશ્રીની સ્વાયત્ત સંસ્થાન)
બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન
(જુના સચિવાલય), સેક્ટર-૧૦બી, ગાંધીનગર
ફોન: (૯૧)૭૯-૨૩૨૪૦૯૬૪,
ફેક્સ ફોન નં. (૯૧) ૦૭૯-૨૩૨૪૦૯૬૫
Rmail : info@gemi-india.org, Website : www.gemi-india.org

### જાહેર નિવિદા

ગુજરાત પર્યાવર પ્રબંધ સંસ્થાન (ગેમી) ગાંધીનગર, ખાતેની કચેરી અને પ્રયોગશાળાના કોમ્પ્યુટરો, સીસીટીવી, આર.ઓ. પ્લાન્ટ, એર કન્ડીશનર અને નેટવર્કીંગ વગેરેના 'વાર્ષિક જાળવણી કરાર' માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી મંગાવવામાં આવે છે. ભરેલા ટેન્ડર ફોર્મ તા. ૨૪/૨/૨૦૧૬ના રોજ સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ રૂ. ૫૦૦નો 'નિયામકશ્રી, ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)'ના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) કચેરીમાં જમા કરાવ્યાથી મેળવી શકાશે.

આ ટેન્ડર, કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. આ કામ અંગેની પ્રી-બીડ મીટીંગ તા. ૧૫/૨/૨૦૧૬ના રોજ બપોરે ૩:૦૦ કલાકે ઉપરોક્ત કચેરી ખાતે રાખેલ છે.

**તા. ૬/૨/૨૦૧૬** — **ડો. સંજીવ ત્યાગી**
**સ્થળ : ગાંધીનગર** — **નિયામક, ગેમી**


# જિલ્લામાં દર મહિને માર્ગ અકસ્માતમાં ૧૯ વ્યકિતના મોત

## ગત વર્ષ દરમિયાન અકસ્માતના ૮૦૭ બનાવો ૨૩૦ના મોત શહેરમા પણ ૨૦ વ્યકિતઓ મોતને ભેટયા

ગાંધીનગર તા ૮

સ્માર્ટ સિટી બનવા તરફ ગતિ કરતા ગાંધીનગરમાં પૈડા પરની જિન્દગી દિનપ્રતિદિન જોખમી બનતી જાય છે. શહેરમાં વધતા વાહનો વચ્ચે ગતિ નિયંત્રણની વાત વિસરાતા રોજબરોજ માર્ગ અકસ્માતનુ પ્રમાણ વધ્યુ છે. ગત વર્ષ દરમિયાન જ માર્ગ અકસ્માતમાં જિલ્લામાં ૨૩૦નો ભોગ લેવાયો છે. જયારે શહેરમાં ૨૦ વ્યકિતઓનુ માર્ગ અકસ્માતમાં મોત નિપજયુ છે.

ગાંધીનગરમાં માર્ગ સલામતીનો મુદ્દો ચિંતાનો વિષય બન્યો છે. પ્રતિવર્ષ માર્ગ અકસ્માતમાં અનેક વ્યકિત જીવ ગુમાવે છે. પૈડા પરની જીન્દગી જોખમી બનતી જાય છે. જયારે શહેરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને ધ્યાને લઈ શહેર વસાહત મહામંડળ તેમજ આર ટી ઓ તંત્ર દ્વારા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે શહેરમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી દરમિયાન આમ નાગરિકોને ટ્રાફિક નિયમન અંગે માહીતગાર કરવામાં આવે છે. શહેરમાં વધતા વાહનોની સાથે માર્ગ અકસ્માતની સંખ્યા પણ વધી હોવાનુ સ્પષ્ટ થયુ છે. અકસ્માતનો મૃત્યુ આંક પણ ઉંચો છે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ૯૧૫૮ ચારપૈડાના વાહનો તેમજ ૨૮૮૪૨ થ્રી વ્હીલર અને ૩૮૦૪૦ વાહનોનો ઉમેરો થયો છે. ત્યારે જિલ્લામાં થતા માર્ગ અકસ્માતોની સંખ્યા પણ વધી છે. જેમાં વર્ષ ૨૦૧૫ દરમિયાન જિલ્લામાં માર્ગ અકસ્માતમાં ૨૩૦ વ્યકિતઓનુ મોત નિપજયુ છે. જયારે શહેરમાં ૨૦ વ્યકિતઓ માર્ગ અકસ્માતમાં મોતને ભેટયા છે. ગત વર્ષ દરમિયાન માર્ગ અકસ્માતના ૮૦૭ બનાવોમાં ૨૦૪ પુરુષો તેમજ ૨૬ સ્ત્રીઓનુ મોત નિપજયુ છે. માર્ગ અકસ્માતના બનાવોને અટકાવવા માટે જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ તેમજ ડી વાય એસ પી કરણસિંહે પણ ટ્રાફિકના નિયમોનુ ચુસ્ત પાલન થાય તે માટે વધુ જરૂરી પગલા લેવાની તૈયારી દર્શાવી છે.

# આર ટી ઓ કચેરી દ્વારા વિના મુલ્યે હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા અભિયાન

ગાંધીનગર તા ૮

આર ટી ઓ કચેરી દ્વારા વાહનોમાં હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં નંબર પ્લેટ ખરાબ થઈ હોય તેવા કીસ્સામાં પણ વિના મુલ્યે નંબર પ્લેટ ફીટ કરી આપવામાં આવતી હોવાનુ જણાંવાયુ છે. જયારે આ માટે એપોઈન્ટમેન્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં પેપરલેસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે લાઈસન્સ ઈસ્યુ કરવાથી લઈ ડ્રાઈવીંગ

ટેસ્ટીંગ ટ્રેક પરની કસોટી માટે પણ એપાઈન્ટમેન્ટ પધ્ધતિ અમલી

● અનુસંધાન પાન-૭ પર

## ... ન કરશો કોઈ શોક રસિકડા...

# પતિના મૃત્યુના ૨૫ વર્ષ બાદ પતિનો જ મૃત્યુ તારીખ અને સમયે વિદાય લીધી

ગાંધીનગર, તા. ૮

ન કરશો કોઈ શોક રસિકડા... આ પંક્તિ એટલા માટે યાદ આવી કે ભાવનગર રાજ્યના મુખ્ય ન્યાયાધીશ સ્વ. હરિભાઈ ઓઝાની દિકરી સુલક્ષણાબેન રવિન્દ્રરાય મહેતાનું ગઈકાલે અવસાન થયું છે. મરણ પથારીએ અંતિમ પળોમાં તેમણે તેમના સાત સંતાનો અને તેમના પરિવારના સૌ સભ્યોને એમ કહ્યું હતું કે કોઈ શોક ના કરશો પરંતુ મારી પ્રાર્થના સભામાં જે આવે તે બધાને કેસર એલચીનો આઈસ્ક્રીમ મને ખુબ ભાવતો તે પીરસશો...

આ રૂક્ષ્મણીબેનનો અંતિમ વિદાયનો દિવસ પણ

● અનુસંધાન પાન-૭ પર









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com